Ref.(IT) No. 11 of 2012
Order Under Ex-31

ઔદ્યોગિક ન્યાય પંચ નં.૨, સુરતના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ.

રેફરન્સ (આઈ.ટી.) નં.૧૧/૨૦૧૨

પ્રથમ પક્ષકાર :– સંજીવની હોસ્પિટલ,
મુ.પો.ચલથાણ, તા.પલસાણા,જી.સુરત.

::– વિ રૂ દ્ધ –::

બીજા પક્ષકાર :– સંજીવની હોસ્પિટલમાં કામ કરતા
કામદારો/કર્મચારીઓના યુનિયન પ્રતિનિધિ
સુરત લેબર યુનિયન, ઠે.૧૧૧, ડો.આંબેડકર કોમ્પ્લેક્ષ,
માન દરવાજા, રીંગ રોડ, સુરત.

::– પ્રથમ પક્ષકાર તરફેની આંક–૩૧ ની અરજી નીચે હુકમ –::

**(૧)** પ્રથમ પક્ષકાર તરફેની હાલની અરજી, હાલના વિવાદના નિર્ણય માટે પ્રાથમિક મુદ્દા ઘડવા અને તે આધારે હાલના વિવાદનો નિર્ણય કરવા માટેની છે. અરજીમાં જણાવેલ છે કે, બીજા પક્ષકાર તરફેનું માંગણા નિવેદન જોતાં પ્રથમ પક્ષકાર તરફે રજુ કરેલ જવાબના પેરાં–૧ થી ૬ માં પ્રાથમિક મુદ્દાઓ ઉપસ્થિત કરેલ છે. જે નીચે મુજબ છે.

(૧) સદરહુ કામમાં થયેલ રેફરન્સ ખરો નથી.

(૨) સદરહુ કામે થયેલ રેફરન્સ કાયદેસરનો નથી. પહેલાં પક્ષનાને બીજા પક્ષના સામે આવો રેફરન્સ ઉભો કરવાનો હકક કે અધિકાર નથી અને તેથી આવો રેફરન્સ સાંભળવાની નામદાર કોર્ટને કોઈ હકુમત નથી તે રીતે પણ આ કામે થયેલ રેફરન્સ રદ થવાને પાત્ર છે.

(૩) સદરહુ રેફરન્સને મુદતનો બાધ નડે છે. નોન જોઈન્ડર ઓફ પાર્ટીસને બાધ નડે છે તેથી પણ કાયદેસરનો નથી અને રદ થવાને પાત્ર છે.

(૪) સદરહુ રેફરન્સ ઉપસ્થિત કરવા માટે પહેલા પક્ષના સામે કોઈ વાજબી અને ન્યાયી તેમજ કાયદેસરનું કારણ ઉપસ્થિત થયું નથી તેથી પણ આ રેફરન્સ રદ થવાને પાત્ર છે.

(૫) આ કામમાં બીજા પક્ષના તરફે સુરત લેબર યુનિયન રજી.નં.૧૦૫૦ ઠે.૧૧૧, ડો.આંબેડકર કોમર્શીયલ સેન્ટર, માન દરવાજા, સુરતના બીજા પક્ષનાઓ તરફે જનરલ સેક્રેટરીએ આ માંગણાના નિવેદન રજુ કર્યુ છે. જે કાયદેસરનું નથી. બીજા પક્ષનાનું યુનિયન માન્ય યુનિયન નથી. બીજા પક્ષનાનું રજીસ્ટ્રેશનનું સર્ટીફીકેટ, યુનિયનનું કાર્યક્ષેત્ર

અને યુનિયનનું બંધારણ રજુ થયેલ નથી તેવા સંજોગોમાં પણ બીજા પક્ષના તરફે રજુ કરવામાં આવેલ નિવેદન કાયદેસરનું નથી અને કાયદા મુજબ માન્ય રાખી શકાતું નથી.

(૬) બીજા પક્ષના યુનિયન એક માત્ર યુનિયન હોવાનું કે બહુમતી યુનિયન હોવાનું કે પ્રથમ પક્ષના સંસ્થાના કામદાર કર્મચારીઓ સુરત લેબર યુનિયનના સભ્ય હોવાનું ખરૂ નથી કબુલ નથી. આ સંબંધી કોઈ પણ હકીકત બીજા પક્ષના તરફે રજુ થયેલ નથી તે કાયદેસર નથી કાયદા મુજબ માન્ય રાખી શકાતી નથી અને તેવા સંજોગોમાં પણ આ માંગણાનું નિવેદન રદ થવાને પાત્ર છે.

(૭) આ કામમાં શ્રમ આયુકત ગાંધીનગર તરફથી ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ હેઠળ ન્યાય નિર્ણય માટે કેસ મોકલવા બાબત કન્સીલેશન કેસ નં.૨૦/૨૦૧૧ હુકમ ક્રમાંક નં.કે.એચ.એ.એચ.એમ.સી.૩૯૪૪૬/૫/૨/આઈડીઆર/એજે/૧૬/૧૨ કલમ–૧૦(૧) હેઠળ ન્યાયનિર્ણય માટે રજુ થયેલ છે તે ખોટો છે તથા તેના અનુસંધાનમાં હુકમ ફરમાવવામાં આવેલ છે તે પણ ખોટો છે. પ્રથમથી જ કન્સીલેશન પ્રોસીડીંગ જોતાં હુકમ કાયદેસરનો નથી અને તે રદ થવાને પાત્ર છે.

(૮) રેફરન્સ આઈ.ટી.નં.૨૨/૨૦૦૫ હાલ નામદાર કોર્ટ સમક્ષ ન્યાય નિર્ણય માટે છે. તેવા સંજોગોમાં આ રેફરન્સ ૧૧/૧૨ નામદાર કોર્ટ સમક્ષ કરવામાં આવેલ છે તે કાયદેસર, વાજબી અને ન્યાયી નથી. વિવાદ સબજયુડિશ છે.

ઉપરોકત મુદ્દાઓ પ્રાથમિક મુદ્દા હોય જે જવાબમાં ઉપસ્થિત કરેલા છે. સબબ ઉપરના મુદ્દાઓ ન્યાયના નિર્ણય માટે સર્વ પ્રથમ કાઢી સાંભળવા જરૂરી હુકમ ફરમાવશોજી.

**(૨)** બીજા પક્ષકાર તરફે આંક–૩૧ ની અરજીનો જવાબ આંક–૧૫૬ થી રજુ કરવામાં આવેલ છે. જેમાં જણાવેલ છે કે, પહેલા પક્ષનાની સદર અરજી ખરી નથી અને કબુલ નથી. પહેલા પક્ષનાએ કોઈ પણ શુધ્ધ કાયદાનો મુદ્દો ઉભો કર્યો ન હોય, જેથી સદર અરજી રદ બાતલને પાત્ર છે. પહેલા પક્ષનાએ તેમની અરજીમાં રેફરન્સ કાયદેસર ન હોવાનું જણાવેલ છે અને જો તેમને આ બાબત કોઈ વાંધો હોય તો તે અંગે યોગ્ય આગળ ઉપર હકુમત ધરાવતી કોર્ટ, કચેરીમાં જઈ શકે છે, પરંતુ આપ નામદાર કોર્ટ અદાલતને રેફરન્સ કેસ કાયદેસરનો છે કે કેમ ? તે નકકી કરવાની હકુમત ન હોય, જેથી સદર અરજી રદ બાતલને પાત્ર છે. પહેલા પક્ષનાએ નોન જોઈન્ડર ઓફ પાર્ટીસના બાધની તકરાર લીધી છે, પરંતુ કયા પક્ષકારને જોડાયો નથી તે જણાવેલ નથી.

જેથી આ પ્રકારની વેગ અરજી રદ બાતલને પાત્ર છે. પહેલા પક્ષનાએ બીજા પક્ષના યુનિયન બાબતે માન્ય યુનિયન ન હોવાનું કે યુનિયનનું સર્ટીફીકેટ, કાર્યક્ષેત્ર, બંધારણ રજુ થયેલ ન હોવાની તકરાર લઈ માંગણાનું નિવેદન કાયદેસર નથી તેવી તકરાર લીધી છે. ખરી હકીકતમાં પક્ષકારો વચ્ચે અગાઉ કન્સીલીએશનની કાર્યવાહી થયેલ અને કન્સીલીએશનની કાર્યવાહીમાં આ બધી વાતો વેરીફાઈ થતી હોય છે અને તે રીતે થયેલ અને આ પ્રકારની તકરાર માટે યોગ્ય ઓથોરીટી કન્સીલીએટર હોય છે. તે સંજોગોમાં પહેલા પક્ષનાની સદર અરજી ગેરકાયદેસર અને રદ બાતલને પાત્ર છે. પહેલા પક્ષનાએ યુનિયન બહુમતી યુનિયન યા એક માત્ર યુનિયન સંબંધીત જે રજુઆત કરી છે, જે અંગે જણાવવાનું કે, તે પ્રકારની તકરાર માટે જુબાની પુરાવો લેવો પડે. મુળ તકરાર પહેલા પક્ષનાએ બોનસ ચુકવવું પડે કે કેમ ? અને ચુકવવું પડે તો કેટલા ટકા ચુકવવું પડે તે છે. એક માત્ર યા બહુમતી યુનિયનવાળી તરકારને કોઈ લેવા દેવા નથી. પહેલા પક્ષનાએ શ્રમ આયુકતશ્રી, ગાંધીનગરનો નિર્ણય પડકારેલ છે, જે બાબત ચુકાદો આપવાની આપ નામદાર કોર્ટને હકુમત નથી. ડી.પી.મહેશ્વરી વિગેરેના કેસમાં સુપ્રિમ કોર્ટે ઠરાવ્યું છે કે માલિકો તરફે કેસ લંબાવવા અને કામદારોને સમયસર હકકો ન મળે તે આશયેથી પ્રાથમિક મુદ્દાની અરજીઓ આપતા હોય છે અને આવી અરજીના હુકમને ઉપલી અદાલતોમાં લઈ જવાતા હોય છે અને તેમ કરતા વર્ષો નીકળી જતા હોય છે, તો પણ મુળ કેસ આગળ વધતો નથી, જેથી પ્રાથમિક મુદ્દાની અરજીનો નિકાલ એક સાથે કેસના અંતિમ ચુકાદા વખતે કરવાનું ઠેરવેલ છે. સદર ચુકાદો અહીં પણ લાગુ પડે છે અને તેથી તે મુજબ હુકમ કરવાની જરૂર છે. પહેલા પક્ષનાએ તેમની અરજીમાં કોઈ પ્રાથમિક મુદ્દાઓ ફ્રેમ કર્યા નથી અને જે તકરાર લીધી છે, તે અંગે જુબાની પુરાવો લેવો પડે તેવી હકીકત અને કાયદાની મિક્ષીત તકરારો છે, જેથી તેવી અરજીનો કોઈ અમલ કરવાનો રહેતો નથી. પહેલા પક્ષનાની પ્રાથમિક મુદ્દાની અરજી ખોટી, અન્યાયી અને ગેરકાયદેસર હોય ખર્ચ સહિત રદ બાતલ કરવાનો હુકમ કરશોજી.

(૩) હાલની અરજીના કામે પ્રથમ પક્ષકાર તરફે વિ.વ.શ્રી જે.બી.જરીવાલાની દલીલો સાંભળવામાં આવેલ છે. જેમાં હાલની અરજીમાં જણાવ્યા મુજબની હકીકતો જણાવેલ છે અને મુખ્યત્વે જણાવેલ છે કે, સંબંધીત કામદારો હાલનો રેફરન્સ કરનાર યુનિયનના સભ્યો નથી અને યુનિયન રેફરન્સમાં પક્ષકાર નથી. પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૧૦૦ કે તેથી વધુ કામદારો હોવા અંગેનો કોઈ પુરાવો નથી. કન્સીલેશન કાર્યવાહીમાં સભ્ય સંખ્યાની ચકાસણી પત્રક રજુ થયેલ છે.

જેમાં દર્શાવેલ સભ્ય સંખ્યા હોવા અંગે તે સિવાયનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. ૧૦૦ થી ઓછી સભ્ય સંખ્યા હોય તો રેફરન્સ લેબર કોર્ટમાં થાય. જેથી હાલનો રેફરન્સ કાયદેસરનો ન હોઈ તે અંગે પ્રાથમિક મુદ્દો કાઢવો જરૂરી છે તેમજ અરજીમાં જણાવેલ અન્ય મુદ્દાઓ અંગે પ્રાથમિક મુદ્દા કાઢી પ્રથમ નિર્ણય કરવો જરૂરી છે. જેથી હાલની અરજી મંજુર કરવી જોઈએ.

**(૪)** બીજા પક્ષકાર તરફે પ્રતિનિધી શ્રી દિપકભાઈ પીપરોડીયાની દલીલો સાંભળવામાં આવેલ છે. બીજા પક્ષકાર તરફે આંક–૨૦૩ થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે જેમાં તેઓના લેખિત જવાબ મુજબની હકીકતો જણાવેલ છે. બીજા પક્ષકાર તરફેની દલીલોમાં મુખ્યત્વે જણાવેલ છે કે, હાલની અરજીમાં ઉપસ્થિત કરવામાં આવેલ પ્રાથમિક મુદ્દાઓનો નિર્ણય પુરાવો લીધા સિવાય થઈ શકે તેમ નથી. જેથી આ કામના આખરી નિર્ણય વખતે આ તકરારી મુદ્દાનો નિર્ણય કરવો જોઈએ. હાલના વિવાદી સંબંધી કન્સીલીએશન કાર્યવાહીમાં સભ્ય સંખ્યાની ચકાસણી પત્રક રજુ છે અને તેમાં પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૧૨૮ કામદારો હોવાનું અને ૭૫ કામદારો અસરકર્તા હોવાનું દર્શાવેલ છે. આમ, પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૧૦૦ કરતા વધુ કામદારો છે અને હાલના વિવાદના નિર્ણયની અસર તમામ કામદારોને થનાર છે. કન્સીલીએશન કાર્યવાહીમાં પ્રથમ પક્ષકાર હાજર હતા અને તેઓએ તે સમયે આવી તકરાર લીધેલ નથી. જેથી પ્રથમ પક્ષકાર તરફેની આ તકરાર ટકવા પાત્ર નથી. પ્રાથમિક મુદ્દાની અરજીનો નિકાલ એક સાથે કેસના અંતિમ ચુકાદા વખતે કરવો જોઈએ તેવો કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે. આ તમામ હકીકતે પ્રથમ પક્ષકાર તરફેની અરજી રદ થવા પાત્ર છે.

**(૫)** પ્રથમ પક્ષકાર તરફેની હાલની અરજીમાં ઉપસ્થિત કરવામાં આવેલ પ્રાથમિક મુદ્દા ધ્યાને લેતાં, સદર મુદ્દાનો નિર્ણય કરવા માટે પુરાવો તથા કાયદાની જોગવાઈઓ એમ બંને ધ્યાને લેવા જરૂરી છે. પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૧૦૦ કે તેથી વધુ કામદારો હોવા અંગેનો કોઈ પુરાવો નથી. કન્સીલેશન કાર્યવાહીમાં સભ્ય સંખ્યાની ચકાસણી પત્રક રજુ થયેલ છે. જેમાં દર્શાવેલ સભ્ય સંખ્યા હોવા અંગે તે સિવાયનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. ૧૦૦ થી ઓછી સભ્ય સંખ્યા હોય તો રેફરન્સ લેબર કોર્ટમાં થાય. જેથી હાલનો રેફરન્સ કાયદેસરનો નથી તેવી પ્રથમ પક્ષકાર તરફે દલીલ કરવામાં આવેલ છે પરંતુ તેવી સ્પષ્ટ હકીકત હાલની અરજીમાં જણાવેલ નથી. આ ઉપરાંત આ કામના કન્સીલીએશન કાર્યવાહીના કાગળો વંચાણે લેતાં, પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૧૨૮ કામદારો હોવાનું અને ૭૫ કામદારો અસરકર્તા હોવાનું દર્શાવેલ છે. જેથી પ્રથમ

પક્ષકાર સંસ્થામાં ૧૦૦ થી ઓછા કામદારો હોવાનું આ તબકકે માની શકાય નહી. હાલની અરજીમાં સમુચિત સરકાર ધ્વારા વિવાદ અત્રેની અદાલતને ન્યાયીક નિર્ણય માટે રજુ થયેલ છે તે ખોટો હોવાનું તેમજ તે અનુસંધાનમાં ફરમાવવામાં આવેલ હુકમ પણ ખોટો હોવાનું જણાવેલ છે. પરંતુ રેફરન્સ તથા તે અંગેનો હુકમ કેવી રીતે ખોટો છે તે અંગે કોઈ જ હકીકત જણાવેલ નથી.

બીજા પક્ષકાર તરફે નીચે મુજબના ચુકાદા રજુ કરવામાં આવેલ છે.

(૧) 1983 Law Suit 260 (SC) D. P. Maheshwari V/S. Delhi Admn. & Ors. ના કેસનો ચુકાદો વંચાણે લેતાં, એવો સમય હતો જયારે પ્રાથમિક મુદ્દો પ્રથમ નિર્ણીત કરવાનો વિચાર સમજદારી અને ડાહયપણ ભરી નીતિ ગણાતુ પરંતુ તે નીતિ બદલવાનો સમય જણાય છે. જે ન્યાય પંચોએ મજુર તકરારોનો ન્યાયીક નિર્ણય કરવાનો છે ત્યાં વિલંબ દુઃખ તરફ દોરી શકે છે અને ઔદ્યોગિક શાંતિને જોખમમાં મુકી શકે છે તેમણે તકરારી મુદ્દાઓ પૈકી કેટલાક મુદ્દાનો પ્રાથમિક મુદ્દા તરીકે નિર્ણય કર્યા સિવાય તકરારી તમામ મુદ્દાઓનો એક સાથે નિર્ણય કરવો જોઈએ તેવું અવલોકન કરવામાં આવેલ છે.

(૨) 1996 (II) LLJ (SC) National Council For Cement and Building Materials V/S. State of Haryana & Ors. ના કેસનો ચુકાદો વંચાણે લેતાં, ટ્રીબ્યુનલ ધ્વારા પ્રથમ પ્રાથમિક મુદ્દા અંગે નિર્ણય કરવા હુકમ કરેલ અને ત્યાર બાદ પ્રાથમિક મુદ્દાનો અન્ય મુદ્દાઓ સાથે નિર્ણય કરવા હુકમ કરેલ. જે હુકમ કોઈ પણ વડી અદાલતે યોગ્ય ઠેરવેલ અને તે હુકમ સામેની કાર્યવાહીમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ટ્રીબ્યુનલ તથા વડી અદાલતનો હુકમ યોગ્ય ઠેરવેલ છે.

(૩) Ref.(D) No.110/2020 ના કામનો લેબર કોર્ટનો હુકમ રજુ કરવામાં આવેલ છે.

હાલનો રેફરન્સ ૨૦૧૨ ની સાલનો છે. જેથી પ્રાથમિક મુદ્દા ઉપર નિર્ણય કરવામાં આવે તો અનુક્રમ નં.૧ અને ૨ વાળા ચુકાદામાં અવલોકન કર્યા મુજબ હાલના રેફરન્સનો નિર્ણય વિલંબમાં પડે તેમ છે. આગળ ચર્ચા કર્યા મુજબ હાલની અરજીમાં ઉપસ્થિત કરવામાં આવેલ પ્રાથમિક મુદ્દા હકીકત અને કાયદાના મિશ્ર મુદ્દા હોવાથી પુરાવો લીધા બાદ હકીકત અને કાયદાની જોગવાઈ આધારે નિર્ણિત થઈ શકે તેવા મુદ્દા છે. આમ, સમગ્ર હકીકતો અને નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો ધ્યાને લેતાં, આ કામના ટર્મ્સ ઓફ રેફરન્સ અને હાલની અરજીમાં ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દાઓનો નિર્ણય એક સાથે જ કરવો જરૂરી બની રહે તેમ છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

Ref.(IT) No. 11 of 2012
Order Under Ex-31

## ::— હુકમ —::

(૧) આથી આંક—૩૧ ની અરજીમાં ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દાઓનો નિર્ણય ટર્મ્સ ઓફ રેફરન્સના આખરી નિર્ણય સાથે કરવા ઠરાવી તે મુજબ અરજી ફેસલ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આજ તા.૧૯/૧૧/૨૦૨૪ ના રોજ હુકમ કરવામાં આવ્યો.

( જયેશકુમાર શામળદાસ પટેલ )
સભ્ય,ઔદ્યોગિક અદાલત નં.૨,સુરત.
જજ કોડ નં.જીજે૦૦૫૬૧

(સ્ટેનો—સી.જી.ચૌધરી)